વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં નિમણૂક પામેલ મદદનીશ શિક્ષકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/EOD/e-file/17/2022/1527/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

**<u>વંચાણે લીધાં</u>:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૧૦/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૨૦૦૨/ખા.૬૪/અ

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૪/૦૬/૨૦૦૯ નો ક્રમાંક:સીઆરઆર/૧૧/૨૦૦૮/૪૩૩૭૧૭/ગ.૫

(૪) નાણાં વિભાગનો તા.૧૮/૦૧/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૭/૦૬/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DDCW/MKM/e-file/225/2024/0096/Administrative

**<u>આમુખ</u>:-**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના ઠરાવથી રચાયેલ ભરતી સમિતિ દ્વારા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ ખાતે મદદનીશ શિક્ષકોની ફિક્સ પગારમાં નિમણૂક કરવામાં આવેલ.

નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના ઠરાવથી રાજ્ય સરકારની વર્ગ-૦૩ અને વર્ગ-૦૪ ની સીધી ભરતીની નિમણૂકો પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્સ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના અમલમાં આવેલ.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના ઠરાવથી ફીક્સ પગારની નિમણૂક માટેની બોલીઓ અને શરતો નિયત કરવામાં આવેલ છે.

નાણાં વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના ઠરાવથી ફિક્સ પગારની નીતિ હેઠળ હેઠળ નિમણૂક પામેલ કર્મચારીઓનો પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો અંગે સેવા તરીકે ગણવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

હાલમાં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની આદર્શ નિવાસી શાળાઓ ખાતે નિમણૂક પામેલ મદદનીશ શિક્ષકોને માસિક ઉચ્ચક ફિક્સ પગાર વખતો વખત સુધાર્યા મુજબ આપવામાં આવે છે તથા ફિક્સ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરે ત્યારે નિમણૂક અંગેની તમામ શરતો સંતોષતી હોય તેવા મદદનીશ શિક્ષકોને નિયમિત પગારધોરણમાં સમાવવામાં આવે છે. આવી રીતે સમાવવામાં આવતા મદદનીશ શિક્ષકોની ફિક્સ પગારની નોકરીનો સમયગાળો કોઈપણ સેવાવિષયક હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

વંચાણે લીધા ક્રમાંક (૫) સામેના પત્રથી નિયામકશ્રી (વિ.જા.ક) દ્વારા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકોની ફિક્સ પગારની નોકરીના સમયગાળાને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ અને નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે ગણવા અંગેની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ</u>:-**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વર્ષ ૨૦૦૨-૦૩ અને વર્ષ ૨૦૦૯માં નિમણૂક પામેલ મદદનીશ શિક્ષકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક લાભો માટે નીચેની શરતોને આધિન રહીને સેવા વિષયક લાભો માટે સળંગ ગણવા ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

**<u>શરતો</u>:-**

(૧) આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે.

(૨) આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈપણ તફાવત(એરીયર્સ) રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ આ સમયગાળાનું કોઇ એરીયર્સ મળવાપાત્ર

થશે નહીં.
(૩) આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં.
(૪) જે કર્મચારીઓને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં. વધુમાં ના.વિ/પી શાખાના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા કર્મચારીઓને જે-તે પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
(૫) આ ઠરાવનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગના પરામર્શ બાદ સરકારશ્રીની તા.૦૯/૦૧/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-
(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રી અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્યશ્રી સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૬